
૧૨૧ C

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# વિનોદ-ટૂચકા

1600080



સંપાદન:
ગિજુભાઈ
તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# વિનોદટુચકા

સંપાદિત

૧૩૮



: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
◁
પુસ્તક ૭૫ મું

મુદ્રણ સાતમું : ફેબ્રુઆરી ૧૯૬૬

મૂલ્ય : પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# વિનોદટુચકા

: ૧ :

બાપ : "કેમ ચમન! શાળામાંથી રડતો રડતો કેમ આવ્યો?"

ચમન : "બાપુ! હું સાચેસાચું બોલ્યો ત્યારે ઊલટો મને માસ્તરે માર્યો."

બાપુ : "હોય જ નહિ! કહે જોઈએ, સાચેસાચું શું બોલ્યો?"

ચમન : "એ તો માસ્તરે પૂછ્યું કે મરેલો ઉંદર ટેબલના ખાનામાં કોણે મૂક્યો? ને મેં સાચેસાચી વાત કહી કે સાહેબ, એ તો મેં મૂક્યો છે."

: ૨ :

કાકા : "મગન ! ઝટ જા તો ? એક પાશેર દૂધ લઈ આવ જોઈએ ?"

મગન : "કાકા પૈસા તો આપો ?"

કાકા : "અરે, પૈસાથી તો દૂધ સૌ લાવે; વગર પૈસે લાવ ત્યારે ખરો !"

મગન : "કાકા ! લ્યો આ દૂધ પીઓ."

કાકા : "અરે મગના ! આમાં દૂધ ક્યાં છે? આ તો ખાલી છે!"

મગન : "તે દૂધ હોય તો તો સૌ કોઈ પીએ. વગર દૂધે પીઓ તો જ ખરા !"

: ૩ :

કાકા : "મગન ! આ આપણે કાશી જેટલે દૂર જાત્રાએ ચાલ્યા ત્યારે કંઈક નીમ લઈએ તો સારું."

મગન : "કાકા ! એ ઠીક કહ્યું. મારા સમ મને નીમ લેવું બહુ ગમે. તમે કહો તે લઉં."

કાકા : "તું વારેવારે સમ બહુ ખાય

છે, તે સમ ન ખાવાનું નીમ લે.”

મગન : “લ્યો ત્યારે આ લીધું ! હવેથી કોઈ દિવસ સમ ન ખાવા. મારા સમ, કાકાના સમ, હવે કોઈ દિવસ સમ ન ખાઉં ! સાચું કહું છું, હો ! મારા સમ.”

: ૪ :

એક શેઠાણીએ રામાને ઝટ જઈને પાશેર તેલ ને પાશેર ઘી લાવવાનું કહ્યું.

વાસણ માટે રામાએ તપાસ કરી પણ બીજું કંઈ હાથમાં ન આવવાથી ધૂપિયું લઈને ઊપડ્યા.

મોદીને ત્યાં જઈ પાશેર ઘી જોખાવી ધૂપિયાની એક બાજુ લીધું અને પછી કહે : “પાશેર તેલ જોખો.”

મોદીએ તેલ જોખ્યું ને આપવા માટે ધર્યું. તરતબુદ્ધિ રામાએ ઝટ દઈને ધૂપિયું ઊંધું વાળ્યું, અને બીજી બાજુએ તેલ લીધું.

મોદી : “અરે રામા ! આ તો તેલ લેતાં

તારું ઘી ઢોળાઈ ગયું ! જો તો ખરો ?"

રામો : "હોય નહિ ! મેં તો ઘી બરાબર લીધું છે. જોવા દો જોઈએ, છે કે નહિ ?"

એમ કહી રામાએ ધૂપિયું બીજી બાજુ ઊંધું વાળ્યું.

: ૫ :

એક સાહેબ હતા. એક ઊંચી ટેકરી પર બંગલામાં પોતે રહેતા હતા; નીચાણમાં એના બીજા અમલદારો રહેતા હતા.

સાહેબ એક વાર લહેરમાં આવી બંગલામાં ગેલેરીમાં આંટો મારતા હતા ને આજુબાજુ જોતા હતા. એટલામાં સાહેબની નજર નીચે ગઈ. સાહેબનો ધોબી ધોયેલાં કપડાં ગધેડાં ઉપર લાદીને ગધેડાને તંબૂએ તંબૂએ લઈ જઈ અમલદારોને કપડાં આપતો હતો. નીચેના માણસોને કપડાં આપી રહ્યા પછી ધોબી ઉપર આવ્યો. પણ ગધેડું ટેકરી ઉપર ચડી શકે તેમ ન લાગવાથી ધોબી ધોયેલાં

કપડાંનું પોટકું ખભે જ ઉપાડી ઉપર આવ્યો.

સાહેબને ગુસ્સો આવી ગયો: "આ શું? ધોબીની જાત કેવી નાદાન! મારે ત્યાં જ ગધેડા વિના ચાલ્યો આવે છે?"

ધોબી બંગલા ઉપર પહોંચ્યો કે સાહેબ સોટી બતાવી તાડૂક્યા: "દેખો ધોબી! લેફ્ટેનેન્ટ સા'બ ગધ્ધા, કેપ્ટન સા'બ ગધ્ધા, ઓર હમ ક્યોં નહિ ગધ્ધા? બોલો, હમ ક્યોં નહિ ગધ્ધા? નહિ ક્યોં?"

ધોબી વાત સમજી ગયો કે સાહેબે મિજાજ ખોયો છે. બચી જવા ધોબીએ કહ્યું: "સા'બ! આપ બી ગધ્ધા."

: ૯ :

વાણિયો માટીની કૂંપીમાં ચારે રતન રાખીં પરગામ ચાલ્યો. પાણી પીતાં કૂંપી વાવમાં પડી ગઈ. હવે કેમ કાઢવી? ત્યાં એક કોળી નીકળ્યો. કોળી કહે: "હું કાઢું, પણ કૂંપીમાંથી મને ગમે તે તને આપું ને બીજું હું રાખું. એમ કબૂલ થા તો કાઢી આપું."

વાણિયો કહે : “ ઠીક. ”

કૂંપી કાઢી પણ કાઢતાં કાઢતાં કૂંપી તૂટી ને મહીંથી ચાર રતન હેઠે પડ્યાં. વાણિયા અને કોળી વચ્ચે કજિયો થયો. એક કહે રતન હું રાખું ને બીજો કહે રતન હું રાખું.

એમ કરતાં કજિયો કોરટે ગયો.

ન્યાયાધીશ ડાહ્યો હતો. કજિયો સાંભળ્યો; સરત પ્રમાણે લખત કરાવી કોળી પાસે વાંચ્યું. પછી બે ઢગલા કરાવ્યા : “ એક કૂંપીનાં ઠીંકરાંનો અને બીજો રતનનો. પછી કોળીને કહે : “ જો કહે જોઈએ, આ બે ઢગલામાંથી તને કયો ઢગલો ગમે છે ? ”

ઝટ દઈને કોળીએ રતનનો ઢગલો જ બતાવ્યો અને ઉપાડીને ખીસામાં મૂકવા લાગ્યો.

ન્યાયાધીશ કહે : “ બસ ભાઈ ! સબૂર. એ રતન વાણિયાને આપી દે. તેં એવું કબૂલ કર્યું છે કે તને ગમે તે વાણિયાને દેવું. ”

કોળી મૂંઝાઈ ગયો. અને ઠીકરાં લઈને જવું પડ્યું.

: ૭ :

ઘરાક : " કાં શેઠ ! તેલબેલના હમણાં શા ભાવ છે ? "

ઘાંચી : " સાહેબ ! હું તો તેલ જ વેચું છું; બેલ વેચાવાનો નથી. "

: ૮ :

પેસુને ત્યાં માથે ટાલ પડેલા મહેમાન આવ્યા. મહેમાનના ઓરડામાં જઈ પેસુ વારંવાર હસે.

મહેમાને પૂછ્યું : " કાંય રે પેસુ ! કાંય આટલો બધો ખુસી છે ? "

પેસુ : " કંઈ નહિ, જી ! એ તો માયજીએ આપના ઓરડામાં વાળ ઓળવા માટે દાંતિયો અને બ્રશ મૂકેલાં છે જી ! "

: ૯ :

ગિજુભાઈ : " કેમ બીજલ ! બાલમંદિર બંધ કરી આવ્યો કે ? "

---

બેલ=બળદ

બીજલ : "શા'બ! ઈમાં તો ઘુંસવાઈ (ગૂંચવાઈ) જવાય સે."

ગિજુભાઈ: "એમ કેમ?"

બીજલ : "સાબદો હું જ માલીકોર સલવાઈ (અટકાઈ) રહ્યો."

ગિજુભાઈ: "ત્યારે બહાર કેવી રીતે આવ્યો?"

બીજલ : "ઈ તો એક બારી ઉઘાડી હતી તે ઠેકીને આવ્યો."

: ૧૦ :

સાઠ વરસનાં ભાભુએ એંશી વરસનાં ફૈઈને પૂછ્યું : "હેં બા! શ્રીકૃષ્ણ ભગવાનના બાપનું નામ શું?"

ફૈઈએ કહ્યું : "લ્યો, વહુ! એટલી યે ખબર ન પડે? એના બાપનું નામ તો દશરથ!"

---

સાબદો=સઘળો, આખો માલીકોર=અંદર

: ૧૧ :

માસ્તર : "મગન ભાવનગર સ્ટેટના મહાલ બોલ જોઉં ?"

મગન: "લીલિયા મહાલ, કુંડલા મહાલ, મહુવા મહાલ........"

માસ્તર : "બસ, બેસી જા. કનુ ! હવે તું બોલ જોઉં ?"

કહે : "સાહેબ ! તાજમહાલ."

: ૧૨ :

મોંઘીબેન તેમનાં એક પારસણ બેન-પાણીને ત્યાં મળવા ગયાં. સારીકાની પૂછ્યા પછી ડોસાંબાઈએ મોંઘીબેનને પૂછ્યું : "કેમ, મોંઘીબા ! હમનાં કાંઈ ભરવાગૂંઠવાનું ચાલે છે કે વારુ ?"

મોંઘીબેન : "નહિ જી; હમણાં ભરવું-ગૂંથવું મને નથી ગમતું."

ડોસાંબાઈ: "ટારે ટમે કરો છ સું ? ગૂંઠવાનું કાંઈ બી નઠી કરટાં ?"

સારીકાની=ખુશીખબર

મોંઘીબેન: "જી! હમણાં હું બંગાળી શીખું છું."

ડોસાંબાઈએ જરા મોં મલકાવી કહ્યું: "એમ? ટારે ટો બહુ મજેનું! એ ભરટ મને બી સીખવાડસો કે?"

: ૧૩ :

"કાં દરબાર! ફોટા કેવા પડ્યા?"

દરબાર અમારા પટાવાળા હતા. અમારી સાથે ઊભા રાખી અમે એક વાર ફોટા પડાવેલા.

જરા નારાજી બતાવી દરબારે જવાબ વાળ્યો: "બીજું બધું તો બરાબર છે, પણ મારો ફેંટો બરાબર ન આવ્યો."

"એમ કેમ?"

"મારો ફેંટો તો રાતો છે ને ફોટામાં આ કાળો દેખાય છે."

: ૧૪ :

શેઠ: "અલ્યા એ રાઘુ! પેલો કાગળ ટપાલમાં નાખ્યો કે?"

નોકરઃ "હોવે શેઠ! કેવારનો નાખ્યોસ્તો!"

શેઠ: "પણ એના પર સરનામું નહોતું કર્યું તે જોયું હતું કે?"

નોકર: "હોવે."

શેઠ: "ત્યારે પાછો કેમ ન લાવ્યો?"

નોકર: "તે મેં તો જાણેલું કે શરનામું ખાનગી રાખવાનું હશે."

: ૧૫ :

મનુ: "કનુ! તારા દાંત બહુ દુખતો લાગે છે. મારો દાંત હોય તો તો હું તરત ખેંચાવી નાખું!"

કનુ: "ચોક્કસ! તારો દાંત હોય તો તો હું પણ તરત ખેંચાવી નાખું!"

: ૧૬ :

દાક્તર: "જુઓ ભાઈ! વાજાં વગાડ-નારાઓને છાતીનાં દરદો બહુ થાય છે. કારણ

કેવારનો=ઘણી વાર પહેલાંનો

એ હોય છે કે એમને આખો દહાડો વાજાં ફૂંક ફૂંક કરવાનાં હોય છે. જુઓ, આજે પણ આ એક છાતીનો દરદી આવ્યો છે તે પણ વાજાંવાળો જ છે."

એમ કહી દાક્તરે વાજાંવાળાની સામે જોઈ પૂછ્યું: "કેમ અલ્યા! તું બૅન્ડમાં છે, ખરું? કયું વાજું વગાડે છે, વારુ?"

દરદી: "સાહેબ! રામઢોલ વગાડું છું."

: ૧૭ :

પહોંચેલને ત્યાં દોઢ પહોંચેલ મહેમાન આવ્યો.

પહોંચેલ ખાટલી નાખી માંદો થઈ માથે ઓઢીને સૂતો, ને ઘરવાળી પગ દાબવા લાગી.

આસ્તેથી દોઢ પહોંચેલ ઘરમાં પેસી ગયો ને કોઠી પાછળ ભરાઈ ગયો.

કંઈક કામ આવ્યું ને ઘરવાળી બહાર ગઈ એટલે દોઢ પહોંચેલ કોઠી પાછળથી આવી પગ દાબવા બેસી ગયો.

માથે ઓઢીને જ પહોંચેલ કહે: "કાં, પેલી પીડા ગઈ કે?"

દોઢ પહોંચેલ કહે: "જશે ક્યાં? આ પગે જ વળગી છે તો!"

તુરત પહોંચેલે ઊભા થઈને દોઢ પહોંચેલને જમાડ્યો.

: ૧૮ :

સુતારે કોઢમાં બેસી ઘડતાં ઘડતાં બાર ઉપર બે વાગે કહ્યું: "એ સાંભળ્યું કે? ઘરમાં દીવો કરો. દીવાવેળા થઈ."

પાસે બેઠેલાએ કહ્યું: "અરે, હજી તો બપોર છે! અત્યારમાંથી દીવો?"

સુતાર: "પણ અમારાં ઘરવાળાં જરા ઉતાવળાં છે. અત્યારે કહીશ ત્યારે માંડ રાતે દીવો થશે!"

: ૧૯ :

"મહેમાન આવ્યા! મહેમાન આવ્યા!"

"આવો આવો, પધારો !"

બાપા કહે: "બેસો. કાં, કેમ છો? અલ્યા છોકરા! જા તો મહેમાન જમીને આવ્યા હશે તે તરશ લાગી હશે; ઝટ પાણીનો લોટો ભરી લાવ જોઈએ ?"

મહેમાને ઠંડે પેટે કહ્યું: "જો, બેટા! સાથે લીલું દાતણ પણ લેતો આવજે, હો!"

: ૨૦ :

ચશ્માં પહેરેલા માણસને જોઈને એક ગામડિયો વિચારમાં પડી ગયો અને દિંગ થઈ બોલ્યો: "માળું, ભગવાનની પણ કાંઈ ખૂબી છે ને!"

રસ્તે જતાએ પૂછ્યું: "કેમ, શી ખૂબી છે, ભાઈ?"

"આ જુઓ ને, ભગવાને કાન જો માથાની પાછળ મૂક્યા હોત તો પછી માણસ ચશ્મ ક્યાં ભરાવત?"

: ૨૧ :

પરીક્ષક: "જો છોકરા કહે જોઈએ ? હું જો તારા બાપાને સો રૂપિયા ઉછીના આપું અને દર મહિને તારા બાપા મને દસ દસ રૂપિયા પાછા આપે, તો છ મહિને તે મને કેટલા રૂપિયા આપશે ?"

છોકરો: "એક પણ નહિ."

પરીક્ષક: "છોકરા ! ગણિતનો આટલો સાદો નિયમ પણ નથી જાણતો ?"

છોકરો: "પણ સાહેબ ! મારા બાપાનો નિયમ જુદો છે. ઉછીના લીધેલા રૂપિયા તે પાછા આપતા જ નથી !"

: ૨૨ :

એક સંગ્રહસ્થાનના બારણા પર લખેલું હતું: "લાકડી દરવાજા પર મૂક્યા સિવાય અંદર દાખલ થવું નહિ."

એક સિપાઈ હમેશાં ત્યાં ઊભો રહેતો

ખિસ્સામાં હાથ નાખી એક જુવાન રોફમાં અંદર પેસવા જતો હતો.

સિપાઈએ હાથ પકડી પૂછ્યું : "આપની લાકડી ક્યાં ?"

"હું લાકડી રાખતો જ નથી."

સિપાઈ: "તો પછી આપ અંદર નહિ જઈ શકો."

જુવાન : "કેમ ?"

સિપાઈ: "ઉપર વાંચો. મારે તો હુકમને માન આપવાનું છે."

: ૨૩ :

છોકરીએ પોતાની બાને કહ્યું : "કાલે તો રસ્તે જતાં બધી છોકરીઓ હસી પડી, પણ હું જરા યે હસી નહિ."

બા : "તે તું તો કેટલી બધી ડાહી છે ! મેં જ તને શીખવ્યું નહોતું કે રસ્તે જતાં હસવું નહિ ? વારુ, બધી કેમ હસતી હતી ?"

છોકરી : "એ તો હું પડી ગઈ એટલે."

: ૨૪ :

મોટરવાળો : "એ ગાડાવાળા ! જરા રસ્તો આપ તો ? પેલા ઘોડાગાડીવાળાને ઝટ કેમ મારગ આપ્યો હતો ?"

ગાડાવાળો : "એનો ઘોડો પાછળથી મારા ગાડામાં ભરેલું ઘાસ ખાતો હતો તેથી."

: ૨૫ :

રામજી એના બાપના જોડા સાફ કરતો હતો. જોડા સાફ કરતાં કરતાં બહુ વાર થઈ લાગી એટલે બાપાએ પૂછ્યું : "એલા રામજી ! કેમ, ક્યારનો શું કરે છે ? હજી પણ બૂટ સાફ નથી કર્યા ?"

રામજી કહે : "હા જી, તૈયાર છે. આ હમણાં બીજો બૂટ સાફ કરું છું."

બાપાએ પૂછ્યું : "પણ ત્યારે પહેલો બૂટ ક્યાં છે ?"

રામજીએ જવાબ આપ્યો : "બાપુ ! એને હજી સાફ કરવાનો છે. આ બીજો બૂટ

જ પહેલાં લીધો છે."

: ૨૬ :

એક ઝપાટાબંધ મોટર હાંકી જનારને ઝડપના ગુના માટે ન્યાયાધીશ પાસે ઊભો કરવામાં આવ્યો હતો.

ન્યાયાધીશ: "બોલ, તારે શું કહેવું છે?"

મોટર હાંકનાર: "સાહેબ! હું ગુનેગાર નથી."

ન્યાયાધીશે સામો સવાલ કર્યો: "કેમ? તેં પેલા રસ્તા પરનું પાટિયું નહોતું વાંચ્યું કે કલાકના માત્ર દસ માઇલ જ હાંકવું?"

મોટર હાંકનારે કહ્યું: "સાહેબ! કેવી રીતે વાંચી શકું? સાઠ માઇલની ઝડપથી તો હું મારી મોટર દોડાવતો હતો."

: ૨૭ :

એક ગામડિયાનો વિચિત્ર ચહેરો જોઈ એક ચિત્રકારને તે ચીતરવાનું મન થયું. તેણે

ગામડિયાને કહ્યું : “ જો ભાઈ ! જરા બેસીશ કે ? મારે તારો ચહેરો ચીતરવો છે. હું તને આઠ આના આપીશ. ”

ગામડિયો કશું બોલ્યો નહિ એટલે પેલા ચિતારાએ ફરી પૂછ્યું : “ કેમ, શો વિચાર છે ? ”

“ એ તો એમ વિચાર કરું છું કે— ” ગામડિયો જરા માથું ખજવાળતો ખજવાળતો બોલ્યો : “ માળું ! ચીતરેલો ચહેરો પાછો ધોઈ નાખવો પડશે, તે પાછો મોઢા ઉપરનો રંગ ઝટ ઊખડશે કે નહિ ? ”

: ૨૮ :

એક લેણદાર પોતાના દેણદારને મળ્યો ને ગુસ્સે થઈને તેને કહ્યું : “ ભલા માણસ ! પાંચ પાંચ વાર માગણી કરી પણ પૈસા જ આપતો નથી ? કેવો માણસ છે ! આ તે કાંઈ રીત કહેવાય ? ”

દેણદારે ઠંડે પેટે કહ્યું : “ ભલાભાઈ ! પાંચ વાર માગતાં આટલો થાકી શું જાય છે ?

ચિડાય છે શા માટે? મેં પાંચ નહિ પણ પચ્ચાસ વાર પૈસા માગ્યા હતા ત્યારે તેં આપ્યા હતા, એ ભૂલી ગયો?"

: ૨૯ :

અલ્યા, આ શું કહે છે? કહે છે કે દિનુનું જીવન તો કૂતરા જેવું છે!

હાસ્તો! એમ જ છે તો! દિનુ આખો દહાડો જેની તેની ઉપર ઘૂરક્યા કરે છે, ને રાત બધી ઘસઘસાટ ઘોર છે!

: ૩૦ :

રતુ પોતાના દાદાને રોજ રોજ કંઈ કંઇ વાતો પૂછતો હતો. એક દિવસ તેણે પૂછ્યું: "હેં દાદા! જ્યારે પૃથ્વી ગોળ ગોળ ફરે છે ને આપણે નીચે જઈએ છીએ ત્યારે ઊંધે માથે થઈને આપણે પડી કેમ નથી જતા?"

દાદાએ કહ્યું: "એ તો ગુરુત્વાકર્ષણનો

ગુરુત્વાકર્ષણ = ભારે વસ્તુ હલકી વસ્તુને પોતાના તરફ ખેંચે છે તે કુદરતનો નિયમ

એવો કાયદો છે. એ કાયદાને લીધે આપણે નથી પડતા."

રતુએ બુદ્ધિ ચલાવી: "દાદા! એ તો ઠીક. પણ એ કાયદો પસાર થયો તે પહેલાં બધા લોકો કેમ પડી નહિ ગયા હોય?"

: ૩૧ :

એક વકીલ એક ઘરડા સાક્ષીને તપાસતો હતો. તેણે જરા ટોળ કરીને કહ્યું: "ડાહ્યા માણસો તો આવી બાબતમાં નક્કીપણે નથી કહી શકતા; મૂરખાઓ જ ખાતરીબંધ કહી શકે છે."

સાક્ષીએ સામો પ્રશ્ન પૂછ્યો: "શું, આપ પોતે એ ખાતરીબંધ કહો છો?"

વકીલે રોફથી કહ્યું: "અલબત્ત, ખાતરીબંધ જ કહું છું."

સાક્ષીએ ધીમેથી કહ્યું: "ત્યારે તો આપની

ટોળ=મજાક; મશ્કરી.

વાત જરૂર સાચી કે મૂરખાઓ જ ખાતરીબંધ કહે છે!"

: ૩૨ :

રોજનું ઘેરથી લખી લાવવાનું લેસન શિક્ષક તપાસતા હતા. તપાસતાં તપાસતાં રતનની ચોપડી જોઈ શિક્ષકે કહ્યું: "અલ્યા રતન! આ અક્ષર તારા ન હોય; તારી બહેનના જેવા લાગે છે."

રતને ગભરાતાં ગભરાતાં કહ્યું: "એ તો મારી બહેનની પેનથી મેં લખ્યા હશે તેથી એના જેવા જ લાગે ને?"

: ૩૩ :

એક ખારવો બેઠો બેઠો દરિયાની સફરોની વાતો કરતો હતો, લોકો એકધ્યાને તે સાંભળતા હતા. ખારવાએ કહ્યું: "જ્યારે એક દરિયાનું મોજું ઊછળ્યું ત્યારે વહાણના બધા ખારવા સાથે બોટ ઊંધી વળી ગઈ...."

સાંભળનારાઓમાંથી એકે પૂછ્યું : "અને એમાંથી પણ તમે બચી ગયા? બહુ અજબ જેવું ! અદ્‌ભુત !"

ખારવાએ ગંભીરતાથી કહ્યું : "અજબ જેવું તો શું, પણ વાત એમ કે છે હું એ બોટમાં હતો જ નહિ."

: ૩૪ :

બા, બાપા અને ચિંતુ સગડી પાસે બેઠાં બેઠાં તાપતાં હતાં. ચિંતુને બાપા રોજ ગણિત શીખવતા. સરળતાની સાદી બાબતો ત્રણ દિવસ સુધી શીખવ્યા પછી આજે બાપાએ પૂછ્યું : " ચિંતુ ! જો. રામજી કાકાને ઘેર રામજી કાકા, કાકી અને એક નાનો રતુ એટલાં જણાં છે. કહે જોઈએ, બધાં મળીને કેટલાં થયાં ?"

ચિંતુએ જરા વિચાર કરીને માથું ખજવાળીને કહ્યું : "કાકા, કાકી ને રતુ."

: ૩૫ :

બાપાએ એક વાર શામજીને પૂછ્યું : " કેમ અલ્યા, આજે કેટલામો નંબર આવ્યો ? "

શામજીએ કહ્યું : " ત્રીશમો, બાપુ ! છેલ્લો. "

બાપાએ જરા ગુસ્સો કરી કહ્યું : " એમ કેમ ? ત્રીશમો શા માટે ? "

શામજીએ કહ્યું : " બીજા બધા નંબરે તો બીજાઓ હતા, એટલે. "

: ૩૬ :

ગાડીના ડબ્બામાં બેઠેલા જીવાને ભગાએ પૂછ્યું : " અલ્યા જીવા ! આ આંગળીએ દોરો શાનો બાંધ્યો છે વળી ? "

જીવાએ કહ્યું : " એ તો મને યાદ રહે એટલે. મારી ઘરધણિયાણીએ મને કહ્યું જે સ્ટેશનમાં ગાડીએ બેસતાં દેવા સાંધાવાળાને કડલાં આપવાનું ભૂલી જવાય નહિ, એટલે આ કાળો દોરો આંગળીએ બાંધો. "

ભગો કહે: "ત્યારે તો દેવાને કડલાં તેં આપી દીધાં ને?"

"ના રે ભાઈ! ના. વાત એમ થઈ કે એણે દોરો તો બંધાવ્યો પણ કડલાં જ કાઢી આપવાનું ભૂલી ગઈ!"

: ૩૭ :

વર્ગમાં ભૂગોળનું શિક્ષણ ચાલતું હતું. 'પૃથ્વી ગોળ છે' નો પાઠ શિક્ષક બહુ કાળજીથી શીખવતા હતા. રમણનું ધ્યાન બીજે ગયેલું જોઈ રમણ સમજ્યો છે કે નહિ તેની ખાતરી કરવા શિક્ષકે પૂછ્યું: "કહે જોઈએ, રમણ! તારા બાપા અહીંથી પૃથ્વીની ફરતા ફરવા નીકળે તો ક્યાં આવે?"

રમણ કહે: "ના જી, મારા બાપા તો ગઈ કાલે ઊંચેથી પડી ગયા છે ને એમનો પગ મરડાઈ ગયો છે તેથી એ પૃથ્વી ફરતા ફરવા નહિ જઈ શકે."

: ૩૮ :

એક છોકરાને ગુલાબનાં ફૂલ ચોરવા માટે ન્યાયાધીશ પાસે ખડો કરવામાં આવ્યો. તપાસ દરમિયાન ન્યાયાધીશે છોકરાને પૂછ્યું : " તું ચોરી કર્યાની ના પાડે છે, પણ તારા કોઈ સાક્ષી છે કે નહિ ? "

છોકરે કહ્યું : " ના સાહેબ ! કોઈ નથી. ક્યાંથી હોય ? કોઈ હાજર નથી એમ જોઈને મેં ફૂલ તોડ્યાં, એટલે સાક્ષી ક્યાંથી લાવું ? "

: ૩૯ :

બાપા મગનને રોજ ભૂગોળ ને ખગોળના વિષયો રાત્રે અગાશીમાં બેઠા બેઠા શીખવતા. મગન કેવુંક સમજે છે તે જોવા બાપાએ એક વાર પૂછ્યું : " મગન ! તું શું ધારે છે ? આપણાથી ચંદ્ર વધારે દૂર કે અમેરિકા ? "

મગને ઝડપથી હોશિયારી બતાવી કહ્યું : " અમેરિકા, બાપુ ! "

બાપાએ નારાજીથી પૂછ્યું : " અમેરિકા ?

એમ કેમ ?"

મગને કહ્યું: "કેમ કે ચંદ્ર તો આપણને દેખાય છે ને અમેરિકા તો દેખાતો યે નથી."

:૪૦:

ચંદુએ મંગુને કહ્યું: "અલ્યા એ મંગુ! આજે મેં એક ચીના સાથે ત્રણ કલાક સુધી વાતો કરી."

મંગુએ કહ્યું: "બહુ નવાઈ જેવું! શું તમે નિશાની કરી વાતો કરતા હતા?"

"ના રે, હું તો કડકડાટ બોલતો હતો. એમાં શું?"

"તે તું વળી ચીની ભાષા ક્યારે શીખ્યો? મને તો ખબરે ય નથી!"

"ના ના, એમ નહિ. એ ચીનો તો દસ વરસથી મુંબઈમાં રહે છે, ને સારી રીતે ગુજરાતી બોલતાં જાણે છે. મેં તો ગુજરાતીમાં જ વાત કરી હતી."

: ૪૧ :

બાપાએ નટુને કહી રાખેલું કે ટેબલ ઉપર લખેલા કાગળો હોય તે દરરોજ ટપાલની પેટીમાં નાખી આવવા.

બાપાએ એક દિવસ આફ્રિકા કોઈ ઓળખીતા ગૃહસ્થને કાગળ લખેલો, પણ ચોક્કસ સરનામું યાદ નહિ આવ્યાથી સાંજે સરનામું કરીશ એમ ધારી કાગળ એમ ને એમ ટેબલ ઉપર રાખી ફરવા ગયા.

નટુ ટેબલ ઉપરનો કાગળ રોજની પેઠે ટપાલની પેટીમાં નાખી આવ્યો. સાંજે ફરીને બાપા આવ્યા ને સરનામું યાદ આવતાં ટેબલ ઉપર લખવા ગયા, પણ કાગળ મળે નહિ!

બાપાએ નટુને પૂછ્યું: "નટુ! ટેબલ ઉપરનો પેલો કાગળ ક્યાં?"

નટુએ કહ્યું: "એ તો હું ટપાલમાં નાખી આવ્યો."

બાપાએ કહ્યું: "પણ સરનામું કર્યું નથી ને?"

: ૪૨ :

મહેતાજીએ પૂછ્યું : “ મહમદ ! વારુ કહે જોઈએ, એશિયા ખંડમાં કયા કયા દેશ છે ? ”

મહમદે તરત જવાબ આપ્યો : “ સાહેબ ! અફઘાનીસ્તાન, અરબસ્તાન, કબરસ્તાન.... ”

મહેતાજી છેડાઈ પડ્યા : “ ચુપ કર, મૂર્ખ ? કબરસ્તાન દેશ કોઈ દિવસ સાંભળ્યો છે કે ? ”

મહમદે ઠંડેથી જવાબ આપ્યો : “ હા જી. મારા બાપા ગુજરી ગયા હતા ત્યારે તેમને કબરસ્તાન લઈ ગયા હતા. ”

: ૪૩ :

રસેંદુ ગુજરાતી છઠ્ઠી ચોપડી ભણતો હતો. દસ વાગે ઉતાવળે જમી કરી પરવારી નિશાળે જતો. પણ શરૂઆતના બે કલાક તે છેલ્લી પાટલી પર બેસી નિરાંતે ઝોકાં ખાતો —તોલાં જોખતો.

રસેંદુના બાપા અનાજના વેપારી હતા.

સાંજે રસેંદુ ઘેર આવ્યો. બાપા કહે: "અલ્યા રસુ! આ સાલે તો તું પાસ થશે ને! બરાબર કાળજી રાખીને ભણે છે ને? આ ઘરાકને એક તોલું બાજરો જરા જોખી આપ; તોલાં જોખતાં તો આવડે છે ને?"

"કેમ ન આવડે, બાપા!" રસેંદુએ તુરત ઉત્તર આપ્યો. "નિશાળે જઈને રોજ હું આખો દિવસ તોલાં જોખવાનો ધંધો જ કરું છું."

# ઉત્તમ બાલ–કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦–૨૫
બાળલોકગીત સંગ્રહ ૧–૨ ... ... ,, ... ૨–૦૦
બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... ,, ... ૪૦–૦૦
બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... ,, ... ૧૪–૦૦
બાલસાહિત્ય વાટિકા–૧ ( ૩૨ પુસ્તકો ) ,, ... ૪૨–૫૦
બાલસાહિત્ય વાટિકા–૨ ( ૧૬ પુસ્તકો ) ,, ... ૨૩–૫૦

કિશોર કથાઓ ૧–૨ ૪–૦૦
રખડુ ટોળી ... ૪–૫૦
ધર્માત્માઓનાં ચરિત્રો ૨–૫૦
ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... સેટના ... ૨૦·૫૦
રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... ,, ... ૧૨–૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧–૨ ,, ... ૫–૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭·૫૦
ભાગવતકથાઓ ૩–૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩–૫૦
સાહસિકોની સૃષ્ટિ ૬–૦૦
પાતાળપ્રવેશ ... ૨–૫૦
ખજનાની શોધમાં ૨–૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... સેટના ૮–૦૦
જ્ઞાન–વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭–૫૦
કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... ,, ૭–૫૦
ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... ,, ૧૪–૫૦
સાહસકથાઓ ( ૨૫ પુસ્તકો ) ... ... ,, ૭૦–૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ–૨ અમદાવાદ–૧**

કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ